# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ–૯ થી ૧૨ના ગુજરાતી (પ્રથમ ભાષા), અંગ્રેજી (પ્રથમ ભાષા), હિન્દી (પ્રથમ ભાષા) તેમજ ઉર્દૂ (પ્રથમ ભાષા)ના પાઠ્યપુસ્તકોમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના મૂલ્યોને લગતા પ્રકરણોનો સમાવેશ કરવામાં આવેલ છે. ધોરણ–૯ થી ૧૨ના કમ્પ્યૂટર અધ્યયન વિષયનો અભ્યાસક્રમ રીવાઈઝ કરવામાં આવેલો છે. ધોરણ–૧૨ અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકમાં પ્રાકૃતિક ખેતીના પ્રકરણનો સમાવેશ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉક્ત વિષયોના અભ્યાસક્રમના માસવાર આયોજન તેમજ પ્રશ્નપત્ર પરિરૂપમાં તજજ્ઞશ્રીઓ દ્વારા સુધારા કરવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ થી ધોરણ–૯ થી ૧૨ માં ઉક્ત વિષયોના અભ્યાસક્રમના માસવાર આયોજન તેમજ પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ કરવામાં આવનાર છે.

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રથમ ભાષાના પાઠ્યપુસ્તકમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના મૂલ્યોના પ્રકરણોનો સમાવેશ કરવામાં આવેલ છે. તે પૈકી ગુજરાતી પ્રથમ ભાષાના પાઠ્યપુસ્તકમાં આ અંગેના પ્રકરણોનો સમાવેશ કરવામાં આવેલ છે, જ્યારે હિન્દી (પ્રથમ ભાષા), અંગ્રેજી (પ્રથમ ભાષા) અને ઉર્દૂ (પ્રથમ ભાષા)ની પૂરક પુસ્તિકા તૈયાર કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૦૧/૦૮/૨૦૨૫ના પત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે ઉપરોક્ત વિષયોના અભ્યાસક્રમના માસવાર આયોજન, પ્રશ્નપત્ર પરિરૂપ તેમજ શ્રીમદ્ ભગવદ્ ગીતાના મૂલ્યોના પ્રકરણોની પૂરક પુસ્તિકા તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારુ મોકલી આપવામાં આવેલ છે. આ તમામ વિગતો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર પણ અપલોડ કરેલ છે.

ઉક્ત બાબતે તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

તા.૦૬/૦૮/૨૦૨૫
સ્થળ:– ગાંધીનગર

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર